# 2 બે વરસાદ ને પાંચ પીપર

X9F9C2

## ગાઈએ ગીતિકા :

આષાઢી સાંજનાં અંબર ગાજે
અંબર ગાજે, મેઘાડંબર ગાજે!
માતેલા મોરલાના ટૌકા બોલે
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે.
ગરવા ગોવાળિયાના પાવા વાગે
પાવા વાગે, સૂતી ગોપી જાગે.
વીરાની વાડીઓમાં અમૃત રેલે,
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે.
ભાભીની રાતીચોળ ચૂંદડ ભીંજે,
ચૂંદડ ભીંજે, ખોળે બેટો રીઝે.
આષાઢી સાંજનાં અંબર ગાજે
અંબર ગાજે મેઘાડંબર ગાજે.

– ઝવેરચંદ મેઘાણી

## અભિનય સાથે વાંચો અને ભજવો.

પહેલવાન : આવ બચુડા, મારા વહાલા! બાપુ પાસે આવ...
ધાબડધીંગી : એ ના હો બેટા રીંછુ, ત્યાં ન જતો. મારશે તને.
પહેલવાન : હું તો રમાડવા બોલાવું છું.
ધાબડધીંગી : પહેલવાન, ખબરદાર! મારાં બચ્ચાંથી તો તું આઘો જ રહેજે.
પહેલવાન : હૂહ! અહીં કોઈ નવરું નથી મારવા કે રમાડવા. હું તો આ ચાલ્યો મધ ખાવા.

## સાંભળો. વાંચી સંભળાવો.

### લુચ્ચો વરસાદ

હું તો હવેથી આ વરસાદ સાથે નથી રમવાનો, એ બહુ લુચ્ચો છે. બપોરે હું સૂઈને ઊઠ્યો ત્યારે બારણાં બંધ હતાં. બહાર વરસાદ વરસતો હતો તેનો અવાજ આવતો હતો. મને લાગ્યું કે તે હસે છે. ખરેખર એના અવાજ પરથી તો તે હસતો જણાતો હતો. હું દોડતો-દોડતો બહાર તેની સાથે રમવા માટે ગયો. ત્યાં જઈને જોઉં છું તો ભાઈસા'બ ધોધમાર રુએ છે!



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


પરમ દહાડે બપોરે હું તેની સાથે ખૂબ રમ્યો. પણ જતી વખતે મેં એને કહ્યું કે આવતીકાલે સવારે તો મારે નિશાળે જવાનું છે, માટે તું બપોરે આવે તો આપણે ખૂબ રમીએ. પણ એ લુચ્ચો તો સવારે જ આવ્યો. ભલે, એ જો સવારે વહેલો આવ્યો હોત તો બહાનું કાઢીને નિશાળે તો ન જાત! પણ એનો વિચાર તો મને ખાસ પજવવાનો હતો એટલે વહેલો આવે જ શાનો? અમે લગભગ નિશાળે પહોંચવા આવ્યા ત્યારે રસ્તામાં જ મળ્યો અને બોલ્યો, ''ચાલો રમવા.'' એ તે કેમ બને?

નિશાળે જતાં વાર થઈ તેથી મારની બીકે હું ધ્રૂજતો હતો. મહેતાજીને લાગ્યું કે હું વરસાદ સાથે લડ્યો અને પલળીને ઠરી ગયો તેથી ધ્રૂજતો હોઈશ.

વરસાદનો સ્વભાવ કેટલો વિચિત્ર! જ્યારે જ્યારે એની સાથે રમવા જાઉં છું ત્યારે કદી સીધી રીતે એ રમતો જ નથી. પોતે પહેલો પડે છે અને પછી મને પણ સાથે પાડે છે. એ પડે છે ત્યારે એને તો કંઈયે વાગતું નથી, પણ મને તો વાગે છે, અને વળી મારાં કપડાં પણ બગડે છે, તે વધારાનું. મારું દુઃખ જોઈ તે મોઢેથી હસે છે અને આંખોથી રુએ છે.

રાત્રે પણ એ નિરાંતે સૂતો નથી. મેં એને કેટલીય વાર કહ્યું કે ઉનાળામાં આવજે. તડકો બહુ પડે છે, ત્યારે તારી સાથે રમવું મને બહુ ગમે; પણ ઉનાળામાં તો એ ભાઈ ભાગ્યે જ પધારે છે.

કોઈ દહાડો બહાર જતી વખતે જો હું સાથે છત્રી લેતાં ભૂલી ગયો હોઉં તો એ જરૂર આવતો; પણ જો હું મારી પેલી નવી સ્વદેશી છત્રીનો ભાર સાથે ઉપાડીને ફરું તો એ દૂરથી જ ડોકિયું કરે.



મોર સાથે પણ એ એવા ચાળા જ કરે છે. ભલેને મોર એની તરફ જોઈજોઈને એને આખો દહાડો બોલાવ-બોલાવ કરે. પણ એ આવે જ નહિ અને પછી ઓચિંતો આવીને એટલા જોરથી એના પર હસતો કૂદી પડે કે મોરનાં સુંદર આંખોવાળાં પીંછાં ભીંજવી નાખે અને બિચારાની બધી શોભા બગાડી નાખે.

ચકલીને પણ એનો તોફાની સ્વભાવ નથી ગમતો. કૂકડો તો એનાથી ત્રાસી જાય છે. ગાય-બળદને પણ એમ જ હેરાન કરે છે. બકરાં તો એનાથી એટલાં ગભરાય કે વાત ન પૂછો.

બસ, એક બતક અને ભેંસ એ બે એનાથી બહુ ખુશ-ખુશ રહે છે, પણ હું તો નથી ધોળી બતક કે કાળી ભેંસ, માટે હું તો હવેથી આવા વરસાદ સાથે રમવાનો નથી.



– કાકાસાહેબ કાલેલકર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **વાતચીત :**
  - પાઠમાં ક્યારે ક્યારે હસવું આવ્યું?
  - ‘લુચ્ચો’ શબ્દ આવતો હોય તે વાક્ય લહેકાથી બોલો.
  - ચોમાસામાં કયાં જીવજંતુઓ નીકળે છે? તે ચોમાસામાં જ કેમ નીકળતાં હશે?
  - તમને વરસાદ ક્યારે ક્યારે ન ગમે?
  - વરસાદ દર વખતે સરખો જ પડે? શો ફરક હોય?
  - શું લાગે છે, હવે આ છોકરો વરસાદ સાથે રમશે?
  - કોઈ તમને ‘લુચ્ચા’ કહે તેવું કરવું હોય તો તમે શું કરો?
  - તમે ક્યારેય લુચ્ચાઈ કરી હોય તો તે વિશે વાત કરો.
  - તમારી મમ્મી/બહેન કે બીજું કોઈ તમને લુચ્ચો/લુચ્ચી ક્યારે કહે છે?

**એકવાર મોટેથી ફકરો વાંચો. હવે, લીટી કરેલા શબ્દોને બદલે ખાનામાં આપેલા શબ્દોમાંથી શબ્દ પસંદ કરી બાજુના કૌંસમાં લખો. હવે ફકરો ફરી મોટેથી વાંચો.**

(ચાળા કરે, ધોધમાર, ડોકિયું કરે, પજવવાનું, સ્વદેશી)

બોધરાજ તો બોધરાજ જ છે. એણે જાણે મને હેરાન કરવાનું (                    ) નક્કી કર્યું હોય એમ લાગે. પહેલાં તો હું કહું કે ચાલ મારા ઘરે, તો ‘‘ના યાર, હું આવીને શું કરું! રોજ રોજ તારા ઘરે અવાય? તારી મમ્મી શું કહેશે?’’ - એવાં એવાં નખરાં કરે (                    ). હું કહું કે મમ્મીએ ઘરના બારણે સીધા દેખાય અને આંગણાની શોભા વધારે એવા દેશી બનાવટના (                    ) માળા બનાવવા કહ્યું છે. હવે તો એની આવવાની મરજી હોય તોય પાછો ‘‘હા, જોઉં. મારે ઘરેય કામ હોય.’’ - એમ જ કહે. હું રિસાઈને વર્ગમાં જતો રહું તો બારીમાંથી છાનોમાનો જોઈ રહે (                    ) કે હું કેટલો રિસાયો છું ને હું ઘરે પહોંચું પછી ભાઈસા’બ ધોધ પડે એવા ભારે વરસતા (                    ) વરસાદમાંય કોથળો ઓઢીને આવે ને કહે, ‘‘લે આ દોરી તો જોઈએને માળા બનાવવા!’’ ત્યારે એ એવો વહાલો લાગે કે હું એને ભેટી પડું.

**ઉદાહરણ મુજબ વાક્ય બનાવો. મોટેથી બધાને વાંચી સંભળાવો. (જોડીકાર્ય)**

**ઉદાહરણ :** ખરેખર - રડવું - હસવું

અવાજ સાંભળીને મને થયું કે ઘરમાં કોઈક રડે છે, ખરેખર તો જીતુકાકા મોટેથી હસતા હતા.

1. ખરેખર - ચાલવું - કૂદવું
2. ખરેખર - પચાસ રૂપિયા - બાવન રૂપિયા
3. ભલેને - આવવું - બોલાવવું
4. ભલેને - રમવું - પરીક્ષા
5. ભલેને - વાતો કરવી - ભણાવવું
6. ઓચિંતું - મસ્તી - પ્રિન્સિપાલ



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**'લુચ્ચો વરસાદ'ને આધારે નજીકનો અર્થ ધરાવતું વાક્ય શોધીને ✓ નિશાની કરો.**

**1. ભાઈસાહેબ તો ધોધમાર રડે છે!**

- ચણો ધોધમાર રડ્યો એટલે તેનાં આંસુથી તળાવ ભરાઈ ગયું.
- વરસાદ તો મોટા ધધૂડાની જેમ વરસી રહ્યો છે!
- ભાઈસાહેબ તો ભેંકડો તાણીને રડે છે.

**2. મોઢેથી હસે છે અને આંખોથી રડે છે.**

- વરસાદ એટલું બધું હસ્યો કે તેની આંખમાં આંસુ આવી ગયાં.
- મોઢેથી બોલે છે અને આંખોથી જુએ છે.
- વાદળ થઈ ગાજે છે અને વરસાદ થઈને વરસે છે.

**3. મોરનાં સુંદર આંખોવાળાં પીંછાં ભીંજવી નાખે છે.**

- સુંદર આંખોવાળા મોરને વરસાદ ભીંજવી દે છે.
- મોરનાં પીંછાંને વધારે સુંદર બનાવે છે.
- વરસાદથી પલળેલાં મોરનાં પીંછાં સારાં નથી લાગતાં.

**4. વરસાદનો સ્વભાવ વિચિત્ર લાગે છે.**

- વરસાદ ધાર્યા કરતાં જુદી રીતે વર્તે છે.
- વરસાદનો સ્વભાવ બધાં લોકો જેવો જ છે.
- વરસાદ આપણે કહીએ એવું જ કરે છે.

**એકમ-1ની વરસાદના પત્રવાળી પ્રવૃત્તિ નં. 26 કરી હતી? ફરી એકવાર વાંચી લો.**

- **ગાઈએ ગીતિકા ફરી ફરી... આષાઢી સાંજના અંબર ગાજે...**

**(અ) માટેનો સાચો જવાબ (બ)માંથી શોધી તેનો ક્રમ [ ] માં લખો.**

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| [ ] | (1) હેલી | (1) | જમીનમાં ખાડા પાડી દે તેવો |
| [ ] | (2) ધોધમાર વરસાદ | (2) | સાંબેલા જેટલી જાડી ધારવાળો |
| [ ] | (3) ઝરમરિયો વરસાદ | (3) | ખેતરનાં ઢેફાં ઓગાળી નાંખે તેવો |
| [ ] | (4) ઢેફાંતોડ વરસાદ | (4) | સતત વરસે તેવો |
| [ ] | (5) મુશળધાર વરસાદ | (5) | થોડાક જ પલાળે, તરત સુકાઈ જવાય તેવો |

**વરસાદ તાળી પાડો અને પ્રશ્નોના જવાબ આપો. તમને ગમતા પાંચ પ્રશ્નોના જવાબ લખો.**

1. "વરસાદ બહુ લુચ્ચો છે." - તેવું શા માટે કહ્યું હશે?
2. બાળકને વરસાદ સાથે ક્યારે રમવું છે? કેમ?
3. બાળક વરસાદને ક્યારે ક્યારે બોલાવવા ઇચ્છે છે? પછી શું થાય છે?
4. મોરને વરસાદ કેવી રીતે હેરાન કરે છે?
5. તમને વરસાદની કઈ લુચ્ચાઈ સૌથી વધુ ગમી?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

6. તમે વરસાદ હો તો કેવી કેવી લુચ્ચાઈ કરો?

7. વરસાદનો સ્વભાવ કોને કોને ગમતો નથી?

8. બતક અને ભેંસ વરસાદથી કેમ ખુશ રહેતા હશે?

**'લુચ્ચો વરસાદ'ના પહેલા ફકરા કરતાં ઊલટા અર્થવાળો ફકરો અહીં આપ્યો છે. જોડીમાં બેસીને તે વાંચો. હવે સાથે મળીને બીજા ફકરાનો ઊલટા અર્થવાળો ફકરો બનાવીને લખો.**

હું હજુ વરસાદ સાથે રમીશ. વરસાદ બહુ પ્રેમાળ છે. સવારે હું સૂઈને જાગ્યો ત્યારે દરવાજા બંધ હતા. બહાર તડકો પડતો હતો. માટે અવાજ આવતો નહોતો. મને તો વરસાદ રડતો લાગ્યો. ખરેખર તો તેના અવાજ પરથી તે ગંભીર લાગતો હતો. હું ઝડપથી દોડીને બહાર તેની સાથે રમવા ગયો. મેં જઈને જોયું તો સાહેબજી ખડખડાટ હસતા હતા!

**'લુચ્ચો વરસાદ'માં વરસાદ કુલ છ લુચ્ચાઈ કરે છે. તે શોધી કાઢો અને ઉદાહરણ પ્રમાણે તે પજવણી છે કે છેતરામણી તે નક્કી કરીને લખો.**

1. હસતો હોય એમ લાગ્યું પરંતુ ખૂબ રડતો હતો. (છેતરામણી)
2. સવારે આવવાનું કહેતો હતો પણ બપોરે આવ્યો. મને ભીંજવી દીધો. (પજવણી)
3. 
4. 
5. 
6. 

- **વરસાદની મમ્મીને ફરિયાદ કરવા જાઓ. "તમારો મેઘ/પર્જન્ય/વરસાદિયો તો મને બહુ હેરાન કરે છે..." એમ કહી સંવાદ કરો.**

વરસાદની કુલ છ ફરિયાદ છે. તેથી છ વિદ્યાર્થીઓ વારાફરતી મમ્મી બને. છ ફરિયાદી બને એમ સંવાદ કરાવો.

**'વર્ષાઋતુ' વિશે આઠ-દસ વાક્યો લખો. હવે પાંચ-પાંચનાં જૂથમાં બેસો અને સાથે મળીને એકબીજાનું લખાણ ચકાસો. તમારા લખાણને દસમાંથી ગુણ આપો.**

**પાંચ-પાંચના જૂથમાં કામ કરો. છોડેલી જગ્યાને ધ્યાનમાં રાખીને આપેલો ફકરો મોટેથી વાંચો. પછી એક વિદ્યાર્થી બાકીના વિદ્યાર્થીઓને શ્રુતલેખન કરાવે. એકબીજાનું શ્રુતલેખન ચકાસો.**

**વૃક્ષમાતા**

પદ્મશ્રી પુરસ્કાર વિતરણ સમારોહમાં પુરસ્કાર ગ્રહણ કરવા માટે એક દાદીમાને રાષ્ટ્રપતિ ભવન ખાતે પધારવા આમંત્રણ અપાયું. બધાંએ કૌતુક જોયું. પદ્મ પુરસ્કાર લેવા માટે ચંપલ પહેર્યા વગર ખુલ્લા પગે દાદીમા તો રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યાં હતાં!



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



સમાચારમાં આવ્યું કે કર્ણાટકમાં હુલિકલ અને કુદુર વચ્ચેના ચાર કિલોમીટરના રસ્તા પર 385 વટવૃક્ષનું વાવેતર કરનારાં અને સંભાળ લેનારાં તેમજ લગભગ 8000 અન્ય વૃક્ષો વાવનારાં 107 વર્ષનાં શ્રી સાલુમરદા થીમક્કાને રાષ્ટ્રપતિએ પદ્મશ્રી ઍવૉર્ડથી નવાજ્યાં.

- **યે લો! ફિર ચલી આઈ ગીતિકા : આષાઢી સાંજના અંબર ગાજે...**

**આપેલી વાત મનમાં વાંચો. જ્યાં અટકવું જરૂરી લાગે ત્યાં પહેલી બે લીટીમાં આપ્યું છે તેમ / (ત્રાંસી લીટી) દોરો. જરૂર પડે તો લીટી દોરતાં પહેલાં બે વાર વાંચો. હવે તમારા શિક્ષક વાંચશે. તમે / યોગ્ય રીતે દોરી છે કે કેમ તે ચકાસી લો.**

## સીમમાં વસતી

આશરે/ એંશી વરસ પહેલાંની/ આ વાત છે./ રાજકોટથી/ રીબડા સ્ટેશને ઊતરીને/ કોટડા સાંગણી જતાં/ વચમાં અરડોઈ ગામ/ આવે છે. અરડોઈથી રસ્તો દક્ષિણે થઈ પૂર્વ દિશામાં કોટડા તરફ વળે છે. એ વળાંક પર આજે પુષ્કળ ઝાડ છે, ત્યારે એ વળાંક ને રસ્તો ઉજ્જડ હતા. રસ્તા પર એકેય ઝાડ ન હતું. એ વળાંકની દક્ષિણે ચારેક ખેતરવા દૂર સામા પટેલનું એક ખેતર હતું. સામા પટેલ વૃદ્ધ થયા ત્યારે તેમણે રસ્તાના વળાંક પર એક વડલો ને પાંચ-છ પીપળ વાવી. પોતાના ખેતરની કૂઈએથી જાતે પાણી ભરી લાવીને પાય. કોઈ પૂછે કે આ શું કરો છો? તો કહેતા કે સીમમાં વસ્તી કરું છું.

વાવતાં વવાઈ ગયાં પણ વળતા વર્ષે વરસાદ ઓછો થવાથી પટેલની કૂઈમાં પાણી ન રહ્યાં. એ ઘણે જ દૂરથી રોજ કાવડમાં પાણી લાવી પાતા. જેને ખેતરેથી પાણી લાવતા તેણે કહ્યું કે, ભાભા, આ ઉંમરે શીદને વેઠ કરો છો? ત્યારે એમણે જવાબ દીધો કે, લાંબે ઉજ્જડ માર્ગે ઉનાળામાં ક્યાંય છાંયો હોય તો માણસને તેમજ ઢોર-પંખીને વિસામો મળે. પેલા ખેડૂતે ફરી કહ્યું કે એ માટે તો એક વડલોયે બસ છે. તમારી કાયા હાલતી નથી તો પીપરુંને શીદ પાણી પાવ છો? મર સુકાય. સામા પટેલનો જવાબ હતો કે, આપણે વગડે રે'તા હોઈએ ને એકલા જીવ મૂંઝાય તો કોક દી' હાલીને એકાદ ગામ જઈએ ને આપણા જેવાને મળીને મન ઠારીએ. એકલું ઝાડ ક્યાં





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જાય? છેટે નજર નાખે. ઝાડનેય એકલું ન ગોઠે, બે-પાંચ જીવ ભેગા સારા. સામાભાભાને વળી કોક કે'તું કે, પાંચ-છ પીપરું ને બદલે બે-ત્રણને જ પાવ ને, તો ચારેક ઝાડ રહેશે ને તમારી મજૂરી અરધી થઈ જશે. ત્યારે સામાભાભાએ કહેલું કે, ઊછરતાં ઝાડ પોતાની હારનાં બીજાને મરતાં જોઈ અકળાય ને હું જ એને ઊછરતાં મારી નાખું ઈ મારાથી નો ખમાય.

ભાભાને ત્રણ-ચાર દીકરા હતા પણ પાણી પોતે જ પાતા, ને એમણે રસ્તાના વળાંક પર વૃક્ષો ઉછેર્યાં. આજે સામાભાભા નથી. એનાં સંતાનોમાંથી કોણ એને યાદ કરતું હશે, મને ખબર નથી. પણ ભાભાએ વાવેલાં એ ઝાડ હજી છે. ઉનાળાના ઘણા બપોર પશુ, પંખી ને માણસોની પેઠે એ ઝાડના છાયામાં મેં ગાળ્યા છે, ઉપરાંત ટીમણ કર્યાં છે ને ક્યારેક એના થડને બથ ભરી પ્રણામ પણ કર્યાં છે, એ ભાવનાથી કે એ પ્રણામ એ ઝાડના વાવનારને પણ પહોંચે.

– મુકુન્દરાય પારાશર્ય

- **વાતચીત :**
  - 'વાહ!' બોલી પડાય એવી વાત કઈ લાગી?
  - તમને લાંબો સમય એકલાં રહેવું ગમે? કેમ?
  - એકલાં પડો ત્યારે તમે શું કરો?
  - ઝાડને સજીવ કહેવાય કે નિર્જીવ? કેવી રીતે ખબર પડે?
  - તમે ઝાડ હો તે રીતે જવાબ આપો. ઝાડને ક્યારે મજા આવતી હશે? ક્યારે દુઃખ થતું હશે?
  - તમારે ત્રણ વૃક્ષ વાવવાનાં હોય તો કયાં કયાં વાવો? કેમ?
  - સામા પટેલ તમને સામા મળે તો તમે શું કરો, શું કહો? ભજવી બતાવો.

**એક મિનિટ માટે વૃક્ષની જેમ ઊભા રહો. આપેલા શબ્દને વાક્યમાં બદલી બદલીને બોલી જુઓ કે એ કયા શબ્દ/શબ્દો જેવો અર્થ ધરાવે છે? વાક્યમાં તે શબ્દ/શબ્દો નીચે લીટી દોરો.**

ઉદાહરણ :

**ખેતરવા :** આ તમે દડો ને બેટ રમો, એમ અમે ખેતરમાં જઈ ગિલ્લીદંડો રમતા. દંડાથી ગિલ્લીને જોરથી મારીએ તો જાય એક ખેતર જેટલી દૂર.

1. **વેઠ કરવી :** લોકોને લાગતું કે સામા પટેલ નકામું કામ કરે છે પણ તેમના માટે તો વાવેલા છોડ ઉછેરવા એ અગત્યનું કામ હતું.
2. **પોતાની હારના :** મારો મોટો ભાઈ તો પોતાના જેવડા સાથે જ રમ્યા કરે, મને ભેગો રમાડે જ નહિ.
3. **બથ ભરવી :** પોતાના માટેનાં નવાં કપડાં જોઈને દ્વિજ મમ્મીને ભેટી પડ્યો.
4. **મન ઠારવું :** પોતાના ખેતરમાં ઘઉંની ઉંબીઓ લહેરાતી જોઈ ખેડૂતને સંતોષ થયો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પૂરા વાક્યમાં જવાબ આપો. જવાબમાં કૌંસમાં આપેલા શબ્દનો ઉપયોગ થયેલો હોવો જોઈએ.

**ઉદાહરણ :** તમે ક્યાં રમો છો? (વાડી)

અમે મેદાનમાં અને ફળિયામાં રમતો રમીએ છીએ. અમને વાડીએ રમવાનું પણ ગમે છે.

1. અહીં ઊભા રહીને રસ્તા પર વારંવાર શા માટે જુઓ છો? (વાટ)
2. અલ્યા, શું થયું તે તમે બધા એકદમ ઊભા થઈ કૂદવા માંડ્યા? (હરખ)
3. તે કેમ પેલા માણસની થેલી ઊંચકી લીધી? (ભાભા)
4. ઓહો, તમે કેવી રીતે આવ્યા કે મને ખબર જ ના પડી! (ચોરપગલે)
5. તમે એકલા જ મેળામાં ગયેલા? (સંગાથે)
6. શું છે તમારી બાજુ? વરસાદ-પાણી કેવાં? (ધોધમાર)

## અભિનય કરો.

વિદ્યાર્થીઓનાં ત્રણ-ત્રણનાં જૂથ બનાવો. દરેક જૂથને એક/બે શબ્દસમૂહનો ઉપયોગ થાય તેવા અભિનય વિશે વિચાર કરવા પાંચ મિનિટ આપો. તેઓ કેવો અભિનય કરવો તે નક્કી કરી લે પછી વારાફરતી એક એક ગ્રૂપના સભ્યો વર્ગ સમક્ષ અભિનય રજૂ કરે તેવું આયોજન કરો. તેમને કહો કે અભિનયમાં એવો પ્રસંગ/પરિસ્થિતિ લો કે શબ્દસમૂહનો ઉપયોગ સંવાદમાં આવી જાય.

1. વાટ જોવી 2.વિસામો કરવો 3. ચોરપગલે આવવું 4. સંગાથે જવું 5. વાજ આવી જવું 6. હેબતાઈ જવું 7. ચીસો ગજાવવી

## વાક્ય પરથી નીચેના પ્રશ્નોના જવાબ લખો.

- એ વળાંકની દક્ષિણે ચારેક ખેતરવા દૂર સામા પટેલનું એક ખેતર હતું.

1. કયા વળાંકની વાત છે? (                )
2. વળાંકથી કેટલા દૂર જવાની વાત છે? (                )
3. આ એક વાક્યમાં કેટલી માહિતી છે? એક / બે / ત્રણ / ચાર / પાંચ (                )
4. વળાંકથી કઈ દિશા તરફ જવાની વાત છે? (                )
5. સામા પટેલનાં કેટલાં ખેતર ત્યાં હતાં? (                )

- વાવતાં વવાઈ ગયાં પણ વળતા વર્ષે વરસાદ ઓછો થવાથી પટેલની કૂઈમાં પાણી ન રહ્યાં.

1. શું વવાઈ ગયું ? (        ) 2. વરસાદ ક્યારે ઓછો પડ્યો ? (        )

3. કૂવામાં પાણી કેમ ખલાસ થઈ ગયું ? (    ) 4. આ વાક્યમાં કેટલી માહિતી છે? (    )

- સામાભાભાને વળી કો'ક કે'તું કે પાંચ-છ પીપરુંને બદલે બે-ત્રણને જ પાવને, તો ચારેક ઝાડ રહેશે ને તમારી મજૂરી અરધી થઈ જશે.

1. લોકો સામાભાભાને કેટલા પીપળા સાચવવાની સલાહ આપતા? (    )

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. સામા પટેલની મહેનત કેવી રીતે ઓછી થાય તેમ હતી? ( )

3. અડધા છોડને પાણી ન પીવડાવાય તો કેટલા છોડનાં ઝાડ થાય એમ લાગતું હતું? ( )

4. આ વાક્યમાં કેટલી માહિતી છે? ( )

**છોડ રોપવાનો અભિનય કરો. પ્રશ્નોના ઉત્તર આપો.**

1. સામા પટેલે વૃક્ષો કેમ રોપ્યાં હતાં?
2. સામા પટેલને બધાં વૃક્ષો કેમ ઉછેરવાં હતાં?
3. સામા પટેલને વૃક્ષો રોપવામાં શી તકલીફો પડી?
4. સામા પટેલના વાવેલાં વૃક્ષોથી શો ફાયદો થયો?
5. સામા પટેલને વૃક્ષેશ્વર ઍવૉર્ડ આપવાની જાહેરાત થઈ છે. તેમને મોકલવા માટેનો અભિનંદન પત્ર તૈયાર કરો.

**વિચારીને કહો. ચર્ચા કરો. (જૂથકાર્ય)**

વૃક્ષને એકલું લાગે તો શી વાતો કરતું હશે? કોની કોની સાથે વાતો કરતું હશે? તમારી આસપાસ ઝાડ ન હોય એવી જગ્યા છે? તમે તે જગ્યાને લીલીછમ કરી શકો? કેવી રીતે?

**જો વાક્ય તમારા વિસ્તારનું આપેલું હોય તો 'આમ જ' લખો, નહિતર વાક્ય તમારી આસપાસની બોલીમાં લખો. તમારા ઘરના સભ્યોની મદદ લો. આ વાક્યોમાંના ન સમજાતા શબ્દોના અર્થ લગભગ સરખામાં જોઈ લો અથવા શિક્ષકને પૂછી લો. (ઘરકામ)**

- **ભાભા, આ ઉંમરે શીદને વેઠ કરો છો?** – વડીલ, હવે ઘરડે ઘડપણ આવી મજૂરી શું કામ કરો છો?/દાદા, અવ ઘયડા થૈ જ્યા, હવ ચેટલુંક કોમ કરશો?/અંકલ, એટલિસ્ટ તમારી એઈજ જુઓ. હવે આવા હાર્ડવર્ક ન કરો./ડવરબાહાસ, હોડે ઉંમરે કાહલાં કામ કરતોસ?/બાપા, અવ તો માયા મેલ, અરધાં લાકડાં તો મહોંણે પોંચી ગિયા સે.

| પાઠનું વાક્ય | તમારા વિસ્તારમાં બોલાતું હોય તેમ લખો. |
|---|---|
| 1. પીપરુંને શીદ પાણી પાવ છો? મર સુકાય. : | |
| 2. આપણે વગડે રે'તા હોઈએ ને એકલા જીવ મૂંઝાય. : | |
| 3. આપણા જેવાને મળીને મન ઠારીએ. : | |
| 4. ઝાડને એકલું ન ગોઠે, બે-પાંચ જીવ ભેગા સારા. : | બિચારા એકલા ઝાડને ગમે નહીં થોડાં ભાઈબંધ હોય તો મજા પડી જાય. |
| 5. ઝાડ નીચે ટીમણ કર્યાં છે અને થડને બથ ભરી છે. : | |
| 6. ઝાડને ઉછરતાં મારી નાખું ઈ મારાથી નો ખમાય. : | |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બંને ફકરાનાં વાક્યોની સરખામણી કરો. તેમાં તમને ગમતા શબ્દખંડ કે વાક્ય નીચે લીટી કરો. તે પછી બંનેને દસમાંથી ગુણ આપો.

**વર્ષાઋતુ**

| | |
|---|---|
| આપણા દેશમાં મુખ્ય ત્રણ ઋતુઓ છે : શિયાળો, ઉનાળો અને ચોમાસું.<br><br>ચોમાસું એટલે જ વર્ષાઋતુ. વર્ષાઋતુમાં વરસાદ પડે છે. આકાશ કાળાં વાદળોથી છવાઈ જાય છે. તેનાથી સૂરજ પણ ઢંકાઈ જાય છે. વીજળીના કડાકા થાય છે. કોઈ વાર મેઘધનુષ્ય પણ જોવા મળે છે.<br><br>વરસાદ પડે એટલે ખાડા-ખાબોચિયાં અને તળાવ ભરાઈ જાય છે. દેડકાં અને બીજાં વરસાદી જીવડાં જોવા મળે છે. કપડાં જલદી સુકાતાં નથી. ઘરની બહાર જવું હોય તો છત્રી કે રેઈનકોટ સાથે રાખવો પડે છે.<br><br>મને વરસાદમાં નહાવું ગમે છે. વર્ષાઋતુ મારી પ્રિય ઋતુ છે. | વર્ષાઋતુ એટલે ઋતુઓની રાણી. રાણીબા પધારવાનાં હોય ત્યારે બધાં ઝાડવાં અદબ લગાવી ઊભાં રહી જાય, વાદળો ઢોલ નગારાં વગાડે. કોઈક વાર ઇન્દ્રધનુષ્ય કમાન થઈ ઊભું રહે અને સૂરજ પોતે વાદળાંની પાછળ જતો રહે. આકાશ પણ તેમની સાથે સેલ્ફી લે, જેનો ફ્લેશ આપણને છેક નીચે દેખાય.<br><br>ધરતી તો આ જૂની બહેનપણીના આવતાં જ ખુશખુશાલ થઈ જાય અને સુગંધ-પરફ્યુમ લગાવી તૈયાર થઈ જાય. તે છેક નવરાત્રી સુધી બેઉ બહેનપણીઓ તોફાનમસ્તી કરતી રહે. ધરતીનાં તળાવ, કૂવા, નદીનાળાં પણ છલકાઈ ઊઠે.<br><br>શાળાઓ કે ઑફિસોમાં કામ કરતા લોકો રાણીબાને મીઠી ફરિયાદ કરે, "સમયસર આવતાં હો તો!" મનેય વર્ષારાણી ગમે છે. તેમની સાથે નીકળી આવતાં જીવજંતુ જોવા હું ખિસ્સામાં બિલોરી કાચ રાખું. ધીમે, મધ્યમ કે મુશળધાર વરસાદના અવાજને કાન દઈને સાંભળ્યા કરું, જાણે કે તબલા પર જુદી જુદી થાપ! અને વરસાદમાં નહાવાનું તો શેં ચૂકાય?<br><br>મને તો આ રાણીબા ઘણાં વહાલાં છે. |

તમને વરસાદમાં ફરવાની મજા આવે છે? તો ચાલો વાંચો અને ગાઓ.

## ચાલી નીકળીએ પ્રવાસમાં

આજ વરસ્યો વરસાદ ઉપરવાસમાં
કે ચાલ હવે ચાલી નીકળીએ પ્રવાસમાં
માટીની ગંધ મીઠી, મારગ બતાવશે
ને વાયરા સંગાથે થશે વાતો
લીલાછમ ઘાસ પરે હળવેથી દોડીએ
ને સાંભળીએ ભમરાને ગાતો
ફૂલ ફોરી રહ્યાં છે સુવાસમાં. કે ચાલ...

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કોરપ ભૂલાય અને વહાલપ છલકાય
એવું મોસમનું ભીનુંછમ કહેણ
વૃક્ષોની ડાળી ને પાંદડેથી વહી ચાલ્યાં
લીલાંછમ વરસાદી વહેણ
રૂપ આષાઢી ઊઘડે ઉજાસમાં. કે ચાલ...
ઉપરવાસેથી વહેણ આવવાની વાટમાં
બેસી રહેવાય નહીં ઠાલાં
હૈયાનાં હેત થકી સામૈયાં કરવાને
આપણે જ વહી જઈએ સામાં
ઉર છલકી રહ્યાં છે ઉલ્લાસમાં. કે ચાલ...

– તુષાર શુક્લ

- **વાતચીત :**
  - તમને ખૂબ જ ગમી ગઈ હોય તેવી ત્રણ પંક્તિ બોલો.
  - તમને કઈ ઋતુમાં ફરવા નીકળવાનું બહુ મન થાય? તમને કોની કોની સાથે પ્રવાસમાં જવું ગમે?
  - તમારા ઘરે કોણકોણ આવે ત્યારે તમે તેમને લેવા કે આવકારવા સામે દોડતાં પહોંચી જાઓ છો?
  - તમે ક્યારે ક્યારે ખુશીથી છલકાઈ જાઓ છો?/ઝૂમી ઊઠો છો?
  - વરસાદ આવે ત્યારે તમને શું કરવું સૌથી વધુ ગમે? ચોમાસામાં તમને શું ન ગમે? કેમ?
  - વરસાદ પછી ઊગી નીકળતા લીલાછમ ઘાસનું બિયારણ ક્યાંથી આવતું હશે?
  - **આ કવિતા આપણે કંઠસ્થ કરીશું.**

**કવિતામાં કવિ અને વરસાદની કઈ કઈ ક્રિયાઓનું વર્ણન છે?**

**કવિ :** વરસાદમાં નીકળવું, ____________________

**વરસાદ :** ઉપરવાસમાં વરસવું, ____________________

**તમારા શિક્ષક વાક્યો મોટેથી વાંચશે. તેમાં જે તે શબ્દનો અર્થ જે વાક્યમાં બરાબર બંધબેસતો હોય ત્યાં સવળો અંગૂઠો (👍) બતાવો, બરાબર બંધ ન બેસતો હોય ત્યાં ઊંધો અંગૂઠો (👎) બતાવો.**

1. **ઉપરવાસ - નદીનું વહેણ જે તરફથી આવતું હોય તે પ્રદેશ (દિશા)**
   - ગુજરાતમાં કંઈ એટલો બધો વરસાદ નથી પણ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના લીધે 'સરદાર સરોવર' ડેમ છલોછલ થઈ ગયો છે.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આપણે ત્યાં થોડોક વરસાદ પડે તોય પાણી ભરાઈ જાય પણ તેઓનું ગામ તો ઉપરવાસમાં એટલે ત્યાં વરસાદ હોય જ નહીં.

**2. વાટ - રાહ, પ્રતીક્ષા**

- દીકરો સવારથી ગાયો ચરાવવા ગયો હતો ને રાત પડી ગઈ ત્યાં સુધી દેખાયો નહિ એટલે ડોશીમા બારણા આગળ જ એની વાટ જોતાં બેસી રહ્યાં.
- મહેમાન આવી ગયા છે. હવે તેઓની વાટ જોઈએ જેથી તેમની આગતાસ્વાગતા શરૂ કરી શકાય.

**3. સામૈયાં કરવાં - મહેમાન(અથવા મોટા માણસ)ને આવકારવા માટે વાજતે-ગાજતે સામું જવું**

- ઉતાવળ કરો, કેટલીવાર? જાન આવી ગઈ છે. સામૈયું કરવાનું મોડું થશે.
- ચોર પોલીસને જોઈ ગયા. તેઓ પોલીસનું સામૈયું કરી શકશે નહિ એટલે ભાગી જવાના એ નક્કી છે.

**4. ઉલ્લાસ - આનંદ**

- હું શાળામાંથી ઘરે આવું એટલે મને દૂરથી જોઈને જ મમ્મીના મોં પર ઉલ્લાસ પથરાઈ જાય.
- કાલે મોહને ખોટું બોલી મને સર પાસે માર ખવડાવ્યો તેને જોઈને જ મને ઉલ્લાસ થઈ આવે છે.

- **ચાલોને! આ એકમમાં પણ હવે કવિતા જ ગાઈશું : 'ચાલી નીકળીએ પ્રવાસમાં'**

**કવિતામાં આ વાક્યો માટે કઈ પંક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે?**

1. માટીની મધુરી સોડમ રસ્તો બતાવશે. ____________________
2. આપણે પવનની સાથે ગોઠડી કરીશું. ____________________
3. નકામું બેસી ન રહેવાય. ____________________
4. હૃદયની લાગણીથી સ્વાગત કરીશું. ____________________
5. ખુશીથી ઊભરાઈ રહ્યું છે. ____________________

**આંખ, કાન, નાક અને ત્વચાને લગતા શબ્દો કવિતામાંથી શોધીને લખો.**

**આંખને લગતા :** મારગ, ____________________

**કાનને લગતા :** વાતો, ____________________

**નાકને લગતા :** ગંધ, ____________________

**ત્વચાને લગતા :** ભીનુંભીનું, ____________________

- **વરસાદ પડ્યા પછી એક ખભે દફતર લટકાવીને શાળામાં જવાનો અભિનય કરો.**

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**કવિતાના આધારે જવાબ આપો.**

1. પહેલો વરસાદ આવે ત્યારે શું શું થાય છે?
2. ઉપરવાસમાં ખૂબ વરસાદ પડે ત્યારે શું શું થાય?
3. અષાઢ મહિનામાં વાતાવરણ કેવું હોય છે? અષાઢ મહિનાના વરસાદનું વર્ણન કરો.
4. વરસાદની મોસમને ચોમાસું શા માટે કહે છે?
5. સામૈયું એટલે શું? તે ક્યારે ક્યારે અને કોણ કોણ કરે છે?
6. ઠાલાં બેસી રહેવાને બદલે તમને શું શું કરવું ગમે?

- તમને ગમતા ચાર પ્રશ્નોના જવાબ લખો.

**ઉદાહરણ મુજબ આગળ વધારો.**

1. બહુ ઠંડી પડે છે આજ રાતના,
   કે ચાલ હવે કરીએ તાપણું મેદાનમાં
2. આજ પડી છે રજા નિશાળમાં,
   કે ચાલ ____________
3. મસ્ત વરઘોડો નીકળ્યો છે ગામમાં,
   કે ચાલ ____________
4. જુઓ પતંગ ચગ્યા છે આકાશમાં,
   કે ચાલ ____________
5. આજ પપ્પાનો ગુસ્સો છે આસમાનમાં
   કે ચાલ ____________
6. એક ગલૂડિયું આવ્યું નિશાળમાં
   કે ચાલ ____________

**ચોમાસામાં પાવાગઢના પ્રવાસે જવાનું છે. ચર્ચા કરીને નક્કી કરો કે ત્યાં શું શું લઈ જશો, શું જોશો? જે નક્કી કરો તે નોંધી લો અને તમારા જૂથની વાત વર્ગ સમક્ષ વાંચો. (જૂથકાર્ય)**

____________ ____________ ____________

____________ ____________ ____________

____________ ____________ ____________

- **એ હાલો... ફરી પ્રવાસમાં જઈએ : 'ચાલી નીકળીએ પ્રવાસમાં'**

**આ તો તમને આવડે જ છે છતાં ઉદાહરણ આપેલું છે. તે મુજબ બાકીની વિગતો કોઠામાં લખી દો.**

**વર્ષા કિરાણા સ્ટોર્સ**

| વિગત | ક્વૉલિટી/ગુણ | માપ/વજન | વાક્ય |
|---|---|---|---|
| કેળાં | મોટાં | એક ડઝન | અમે એક ડઝન મોટાં કેળાં લીધાં. |
| ચોખા | ગુજરાત 17 | 5 કિ.ગ્રા. | |
| મીઠું | આયોડિનવાળું | બે પૅકેટ | |
| તેલ | ફિલ્ટર્ડ સિંગતેલ | 10 લિટર | |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | | |
|---|---|---|---|
| સાબુ | વાસણ માટેના | ત્રણ નંગ | |
| | કપડાં ધોવાના | બાર નંગ | |
| | નાહવાના | છ નંગ | |
| | | | |

ફકરો વાંચી પહેલા ટેબલમાં ખૂટતી વિગતો ભરો. બીજા ટેબલમાં ખૂટતી વિગતો ભરીને ફકરો બનાવીને લખો.

| વિગત | સંખ્યા | માપ | ગુણ |
|---|---|---|---|
| બિલાડી | એક | | કાળી, કસરતબાજ |
| દોરડું | | | ઝૂલતું, જાડું |
| નદી | | પહોળી | ધસમસતી |
| પુલ | એક | | લાકડાનો, ઝૂલતો, મજબૂત, જૂનો |

| વિગત | સંખ્યા | માપ | ગુણ |
|---|---|---|---|
| જહાજ | | વિશાળ | |
| મોજું | એક | | ધસમસતું |
| અવાજ | | | ઘેરો |
| દરિયો | | પાણી દુનિયા જેટલી જગ્યા | ગજબ |

- આમ તો નદી પાર કરવા લાકડાનો ઝૂલતો પણ મજબૂત એવો એક પુલ છે. ગામલોકો તે જૂના પુલનો ઉપયોગ કરે છે. ગામની એક કાળી બિલાડી કસરતબાજ છે. તે ઝૂલતા જાડા દોરડા પર ચાલીને પહોળી અને ધસમસતી નદીને પેલે પાર જતી રહે છે.
- ______________________________

કેટલીક વસ્તુઓ અને વ્યક્તિઓ તેમની વિશેષતા સાથે આપેલી છે. તે જોડીનો ઉપયોગ કરીને વાર્તા પૂરી કરો. તે માટે વાર્તાનું વાક્ય યોગ્ય બને તે રીતે શબ્દજોડીમાં જરૂરી ફેરફાર કરો.

(**ખિસ્સું, શર્ટ** : ગંદું, ચોખ્ખું, ઉજળું, કડક, ભીનું, રૂપાળું, વ્હાલું, નવુંનક્કોર **ઈસ્ત્રી** : ગરમ **નીરજ** : હોશિયાર, નાનકડો **સૂરજદાદા** : પ્રેમાળ, હૂંફાળા **દરજી** : સમજદાર)

એક ખિસ્સું હતું. તેને ______ ______ ગમતો હતો. તેને નીરજના નવાનક્કોર શર્ટ પર બેસવું હતું. પણ નીરજે તો કહી દીધું, "ભાગ અહીંથી, ઓ ______ ______." ખિસ્સું તો રડી પડ્યું. પોતાના આંસુમાં ધોવાઈને ______ ______ થઈ ગયું. ત્યાં તો ______ ______ આવ્યા. તેમણે ______ ______ સૂકવી દીધું. પછી ખિસ્સું ધોબી પાસે ગયું. ધોબીએ ______ ______ ફેરવી. ખિસ્સું તો ______ અને ફાંકડું થઈ ગયું. ખિસ્સું તો પહોંચ્યું દરજીને ત્યાં. ______ ______ તો તરત જ તેને નીરજના શર્ટ પર બેસાડી દીધું.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. પછી ટેબલમાં નોંધ કરો કે શાના વિશે ખાસ માહિતી મળે છે?

(અ)(એક, સાવધાનીપૂર્વક, ધીમેથી, થોડે, મજેદાર, શાંતિથી)

આ ____________ (કેવી?) પ્રવૃત્તિ માટે તમારી શાળામાં ____________ (કેવી રીતે?) જગ્યા શોધો. તમારા ____________ (કેટલા?) મિત્રને ____________ (કેટલે?) દૂર ઊભા રહેવા કહો અને તેને ____________ (કેવી રીતે?) કંઈક બોલવા કહો. બાકીનાં બધાંએ ____________ (કેવી રીતે?) સાંભળવાનું છે.

| વિગત | નામ | ક્રિયા | ખાસ માહિતી |
|---|---|---|---|
| પ્રવૃત્તિ | ✓ | | મજેદાર |
| જગ્યા શોધવી | | ✓ | સાવધાનીપૂર્વક |
| મિત્ર | | | |
| ઊભા રહેવું | | | |
| બોલવું | | | |
| સાંભળવું | | | |

(બ)આ પ્રવૃત્તિની તરતની પહેલાંની પ્રવૃત્તિમાં જે શબ્દ નામ હોય તેના ફરતે ⬭, ક્રિયા હોય તેની ફરતે ▭ અને ખાસ માહિતી હોય તેની નીચે ______ કરો.

- હાલો રે હાલો... ફરી ઊપડીએ... 'ચાલી નીકળીએ પ્રવાસમાં'

વરસાદ વિશે તમે ઘણું વાંચ્યું, સાંભળ્યું અને પ્રવૃત્તિઓ પણ કરી. હવે મસ્ત ભાષામાં 'મારો વહાલો વરસાદ' વિષય પર 10-15 વાક્યો લખો. આ તમારે ઘરેથી લખવાનું છે. પહેલીવાર તમે લખેલા ફકરા અને આ ફકરામાં શો ફરક પડ્યો તે કહો. આ ફકરાને 10 માંથી ગુણ આપો.

આપેલી વિગતમાં જ પ્રશ્નોના જવાબ છૂપાયેલા છે. શોધો.

1. **વાર્તામાં આવતા જે અંગ્રેજી શબ્દોના અર્થ તમને આવડતા હોય તેના પર ⬭ કરી દો. જો શબ્દનો અર્થ ન આવડે તો જ અર્થ શિક્ષકને પૂછવો.**

- આ ગુજરાતી વાર્તામાં બીજી કઈ ભાષાના શબ્દો હશે?
- ગોળ ⬭ કરતાં પહેલાં વિદ્યાર્થીએ શું નક્કી કરવાનું છે?
- જે શબ્દ ન આવડતો હોય તે શબ્દનું શું કરવાનું છે?
- જો તમે ઉપરના વાક્યમાં લખ્યું છે તેમ કરશો તો તમને એ વાર્તામાં આવતા બધા અંગ્રેજી શબ્દોના અર્થ આવડી જશે?
- આમાં શિક્ષકે શું કરવાનું છે?


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**2. ઉદાહરણ પ્રમાણે બંને ક્રિયાઓના અર્થ લખો અને તે બે ક્રિયાઓની સંયુક્ત ક્રિયાઓનો અર્થ જાણો.**

- સંયુક્ત એટલે શું?
- સંયુક્ત ક્રિયાઓમાં કેટલી ક્રિયાઓ હશે?
- આપેલા વાક્યમાં કેટલી ક્રિયાઓ છે?
- વિદ્યાર્થીઓએ શું લખવાનું છે?

**3. અહીં આપવામાં આવેલા ઉખાણાંના જવાબ શોધો. પછી તમે પણ નવાં ઉખાણાં બનાવો અને તમારા વર્ગમાં પૂછો.**

- સૌથી પહેલાં શું વાંચવાનું થશે?
- કયું કામ કરવાની મજા આવશે?
- તમારે અહીં ક્યાં ક્યાં કામ કરવાના છે?

**4. કેટલાક શબ્દ બદલવાથી યોગ્ય વાક્ય બને તેમ છે. આવું ઓછામાં ઓછી બે રીતે સુધારો.**

- અહીં આપેલા વાક્યોમાં શું નકામું હશે?
- ઓછામાં ઓછી બે રીતે કયું કામ કરવાનું છે?
- અહીં આપેલું વાક્ય સાચું ક્યારે બને?
- દરેક વાક્ય કેટલી રીતે સુધારી શકાય તેવું હશે?

**5. આપેલા ફકરાના દરેક વાક્યમાં કોઈ ભૂલ છે, તે શબ્દ શોધો. તેના પર લીટી કરી. સાચો શબ્દ લખો. હવે આખો ફકરો વાંચો.**

- તે 'શબ્દ' એટલે કયો શબ્દ?
- ફકરાનાં કેટલાં વાક્યો ભૂલ વગરનાં હશે?
- વિદ્યાર્થીએ કયાં કયાં કામ કરવાનાં થશે?
- દરેક વાક્યમાં કેટલા શબ્દ સુધારવાના થશે?
- લીટી કરતાં પહેલાં વિદ્યાર્થીએ શું નક્કી કરવું પડશે?

**સ્વરચિહ્ન {હ્રસ્વ ઈ (િ), દીર્ઘ ઈ (ી), હ્રસ્વ ઉ (ુ), દીર્ઘ ઊ (ૂ), આ (ા), ઓ (ો), અનુસ્વાર (ં)} મૂકો, શબ્દ વાંચો. (ઘરકામ)**

| | | | |
|---|---|---|---|
| દવ્યશ : દિવ્યેશ | જનક : જાનકી | ખશખશલ : ખુશખુશાલ | કકડ : કૂકડી |
| હથયર : ______ | કતર : ______ | ગજરત : ______ | નળયર : ______ |
| અકશ : ______ | ઘડયળ : ______ | પતગય : ______ | વછરડ : ______ |

**આપેલાં વાક્યોમાં યોગ્ય સ્વરચિહ્ન મૂકી વાક્ય પૂરું કરો.**

1. સુરેખા મારી બહેનપણી છે. ત મર નશળમ જ ભણ છ.
2. વસંતરાયથી તડકો સહન થતો નથી. તમન ચમડ નજક છે.
3. પપ્પાની લુંગી દોરી વડે બાંધીને ચદ અને રમશ પડદ બનવ્ય.
4. પવત દરથ નન દખય પણ નજીક જઈએ એટલે ઊંચો લાગે.
5. ચંદ્ર પર પહોંચવું હોય ત રકટમ બસવ પડ.

**વાક્યને ખોટું બનાવતા શબ્દ ફરતે ◯ કરો અને તે શબ્દ સુધારીને લખો.**

1. મિનાક્ષી ઘણો હોશિયાર છે.
2. રાજેશ રમતાં રમતાં પડી ગઈ.
3. સ્નેહા બોલવા તૈયાર થઈ જાવ.
4. બા ફૂલ વીણી લાવો.
5. ભાઈબહેને ધમાલ કરી મૂક્યા.
6. નિરાલી જામફળ લાવ્યો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**આપેલા ફકરાના દરેક વાક્યમાં એક શબ્દની ભૂલ છે. તે શબ્દ શોધો, તેના પર લીટી કરી સાચો શબ્દ લખો.**

સસલા
~~સસલું~~ અને કાચબા વચ્ચે હોડ લાગી. સસલું તો ફટાફટ દોડતો જાય. કાચબાથી એવી જલદી ન દોડાય. કાચબો તો ધીમે ધીમે ડગ ભરતું જાય. એક જગ્યાએ રોકાઈને સસલું ઊંઘ ગયું. ત્યાં વળી ઢાળ હતું. કાચબો તો પીઠ ઉપર સરકીને ઢાળ ઊતરી ગઈ. એમ કાચબો હરિફાઈ જીતી ગયાં.

**એવી ત્રણ વાત લખો કે સાંભળનાર કહે, ''આ તો માની જ ના શકાય.''**

**ઉદાહરણ :**
- આજે મેં સફરજન ખાધું. (માની શકાય)
- આજે મેં સફરજન પીધું. (માની જ ન શકાય)
- સિંહ મારા ઘરે નાસ્તો કરવા આવે છે. (માની જ ન શકાય)

**હસો.**

મેઘા : કોની રાહ જુએ છે?

પર્જન્ય : વરસાદની. એણે મને કહ્યું છે તે જોક લઈને આવશે.

મેઘા : (ખડખડાટ હસીને) એનો અર્થ એમ કે તે પાઠ નથી વાંચ્યો. એ નહીં આવે, તે લુચ્ચો છે.

- **લગભગ સરખા :**

**અંબર**-આકાશ; **મેઘાડંબર**-વાદળાંની જમાવટ; **માતેલા**-મસ્ત ભરાવદાર; **ધીરી**-ઠરેલ; **ગરવા**-ગૌરવવાળા; **રીઝે**-ખુશ થાય; **ડોકિયું કરે**-________; **ચાળાં કરે**-________; **ફોરી રહ્યાં**- સુગંધ ફેલાવી રહ્યાં; **કહેણ**-સંદેશો, તેડું, નોતરું; **વાટ**-________; **ઠાલાં** - નકામાં, ફોગટ; **થકી**-થી, દ્વારા; **સામૈયાં કરવાં**-________; **કાવડ** - ખાંધે બોજો ઉપાડવા બનાવેલી તુલા; **મર**-હશે, છોને, ભલે; **છેટે**-દૂર, આઘે; **ગોઠે**-ગમે, અનુકૂળ આવે; **ખમાય**-સહન થાય; **પેઠે**-રીતે, માફક; **ટીમણ કર્યાં**-નાસ્તા કર્યા, ભાથાં કર્યાં

- **શબ્દભંડાર :**

## તને સાંભરે રે...

- આ એકમમાંથી કોની વાત તમને સૌથી વધારે ગમી? કેમ?
- સારી રીતે વાંચન કરવા માટે ઉપયોગી એવી કઈ કઈ વાત તમે શીખ્યાં?
- કોઈ વિષય પર આઠ-દસ વાક્ય લખવા હોય તો હવે તમે શું ધ્યાન રાખશો.
- શ્રુતલેખન કરતાં પહેલાં લેખન માટેના ફકરાને વાંચતી વખતે તમે શું ધ્યાન રાખશો? શ્રુતલેખનની તૈયારી કઈ રીતે કરશો?
- જેનો જવાબ લખવા કશુંક યાદ ન રાખવું પડે તેવી પ્રવૃત્તિઓના ક્રમ લખો.
- હવે તમે સાવ પાસે પાસે ઊગેલાં ત્રણ-ચાર ઝાડ જુઓ તો શો વિચાર આવશે?
- કવિતા/વાર્તા તમને જેટલી ગમી હોય તેટલા સ્ટાર તેના શીર્ષક પાસે દોરો.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in